ધાનેરા ખાતે રેસીડેન્સી મકાનમાં ચાલતી

આસ્થા હોસ્પિટલ અને પરીવાર મોલ પર નગરપાલિકા કાર્યવાહી કરશે ?

સરકારી નિયમો ધજીયા ઉડાડતી હોસ્પિટલ અને મોલ પર કોની મહેરબાની

ધાનેરા શહેરમાં આસ્થા હોસ્પિટલ (દવાખાનું) અને પરીવાર મોલ છેલ્લા કેટલાક સમયથી રેસીડેન્સી મકાનમાં ચાલી રહ્યું છે જે સરકારશ્રીના કાયદા નિયમો મુજબ ગેરકાયદેસર ગણાય છે અને સરકારી નિયમો વિરુદ્ધ ચાલી રહ્યું છે આ બાબતે નગરપાલિકામાં મકાન માલિકે કોઈપણ જાતની મંજૂરી લીધેલ નથી? અવાર નવાર આ બાબતે દૈનિક સમાચારપત્રમાં પણ રજૂઆતો થયેલ છે છતાં નગરપાલિકા આંખ આડા કાન કરી પત્રમ્ પુષ્પમ્ દ્વારા છોડી દેવામાં આવે છે તેવું લોક મુખે જાણવા મળેલ છે પરંતુ નગરપાલિકા સરકારશ્રીના નિયમો નું પાલન કરી -કરાવી મકાન માલિક ને મકાન ખાલી કરાવશે ? તેવી લોકોની માંગ છે હવે જોવાનુ છે કે નગરપાલિકા તાકીદે પગલાં લઈ મકાન માલિક પાસે દંડ વસુલી યોગ્ય કાર્યવાહી કરી મકાન ખાલી કરાવશે?

સમાજ અને સરકારને જાગૃત રાખવાનું કામ તેમજ સમાજમાં પરિવર્તન લાવવાનો અને દિશાસૂચન કરવાનું ઉમદા કાર્ય દૃ૯ જેવા ઈલેક્ટ્રોનિક મીડિયા અને પ્રિન્ટ મીડિયા દ્વારા કરવામાં આવી રહ્યું છે તેવું આજ રોજ ંદૃ૯ ચેનલ દ્વારા આયોજિત આત્મનિર્ભર ભારતના સમારંભમાં રાજયના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું. આ સમારંભમાં ગુજરાતમાં અલગ અલગ ક્ષેત્રે ધંધો - રોજગાર કરનાર ઉપ ઉદ્યોગ સાહસિકોનું નાયબ મુખ્ય મંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, મીડિયા નું કામ સમાચાર આપવાનું હોય છે. પરંતુ બદલાતા સમય અને જરૂરિયાતને ધ્યાનમાં રાખી પોતાના પ્રોફેશન સાથે સમાજ ઉપયોગી અને પ્રોત્સાહિત કરવાની ઉમદા પ્રવૃત્તિ મીડિયા દ્વારા કરવામાં આવી રહી છે, તેનો આનંદ પણ વ્યક્ત કર્યો હતો. વધુમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, આઝાદીના સમયે પૂજ્ય મહાત્મા ગાંધીએ આપેલા અનેક શબ્દને સૂત્ર અવરિત બની ગયા છે. તેમ દેશના વડાપ્રધાનશ્રીએ દેશવાસીઓને અપેલ આત્મનિર્ભર શબદ લોકમુખે સરળતાથી વહેતો બની ગયો છે. જેનું કારણ એટલું જ છે કે આ શબ્દમાં દરેક દેશવાસી ને પોતાનું હિત અને સ્વાભિમાન દેખાય છે. તેની સાથે દેશ સેવા કર્યાનો એક સંતોષ પણ મળી રહ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે વિશ્વનો કોઈપણ દેશ ભારત ને અવગણી શકે તેમ નથી. કારણ કે, ભારત દેશ વિશ્વનું સૌથી મોટું કન્ઝ્યુમર માર્કેટ છે. આથી દરેક દેશ-કંપનીઓને પોતાની પ્રોડેક્ટ વેચવા માટે ભારતના માર્કેટની જરૂરિયાત રહે છે. હાલના વર્તમાન સમયમાં દેશના નવયુવાનોને રોજગારી આપવા માટે આત્મનિર્ભર અભિયાન થકી એક નવી દિશા અને હિંમત મળી છે

ભારતના મોટા બજાર સાથે દેશના નવયુવાનોમાં બુદ્ધિશક્તિ અને ઉત્સાહ અમર્યાદિત છે તેવુ કહી તેમણે જણાવ્યું હતું કે, કોરોના કાળમાં આપણે માસ્ક અને પી.પી. કિતમાં આત્મનિર્ભર બન્યા છીએ. હવે આપણે શસ્ત્ર ક્ષેત્રે પણ આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. ગુજરાત ઓટોમોબાઈલ ક્ષેત્રે પણ આગળ હોવાનુ પણ કહ્યું હતું.

વડગામના મેરવાડા રોડ ઉપરથી રોયલ્ટી વગરના ૯ ડમ્પર ઝડપાયા

૨ કરોડનો મુદ્દામાલ પોલીસ મથકે લવાયો : ૧૬ લાખનો દંડ

વડગામ, તા. ૩૦

બનાસકાંઠા ખાણ-ખનીજ વિભાગે એકશનમાં આવી ખનીજ ચોરી કરતાં ૮ ડમ્પરોને ઝડપી પાડ્યા છે. ખાણ ખનીજની ટીમે રાત્રે ૭ અને દિવસ દરમ્યાન ૨ મળી કુલ ૯ ડમ્પરો સાથે અંદાજે ૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હોવાની વિગતો સામે આવી છે. આ વાહનોમાં રાજસ્થાનથી સિરામિક ઉદ્યોગ માટે વપરાતી ચાઈના ક્લે, રેતી, માર્બલ અને બિલ્ડિંગ સ્ટોન ખનિજનો સમાવેશ થાય છે. હાલ જપ્ત કરાયેલા વાહનોને વડગામ પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યા છે.

બનાસકાંઠા જીલ્લા ભૂસ્તરશાસ્ત્રી સુભાષ જોષીની સુચના આધારે ખાણ ખનીજની ટીમે મોટી કાર્યવાહી કરી છે. ખાણ ખનીજની ટીમમાં શક્તિદાન ગઢવી, મેહુલ દવે અને વીરેન્દ્રસિંહ સોલંકી તપાસ અર્થે નીકળ્યાં બાદ આબુ અને અંબાજી હાઈવે પરથી આવી રહેલ ડમ્પર ચેક કરતાં ૭ ડમ્પર રોયલ્ટી પાસ વગર ખનીજ ચોરી કરતા મળી આવ્યા હતા. આ સાથે દિવસ દરમ્યાન અન્ય ટ્રકોને પણ ઝડપી પાડી કુલ ડમ્પરો જપ્ત કર્યા છે.

ખાણ અને ખનીજ વિભાગે રોયલ્ટી ચૂક્વ્યા વગર ખનીજ ચોરી કરતા ૯ ડમ્પર ઝડપી પાડી ૧૬ લાખનો દંડ વસુલવાની કવાયત હાથ ધરી છે. ડમ્પર સહિતનો બે કરોડનો મુદ્દામાલ વડગામ પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો હતો. ખાણ અને ખનિજ વિભાગના સપાટાથી રોયલ્ટી ચોરો ફફડી ઉઠ્યા છે.

મોડાસામાં ભેરૂંડા બાયપાસ ચોકડી પર કાર ડિવાઈડર સાથે અથડાઈ

ફૂટબોલની જેમ ઉછળી નેત્રમ કેમેરાના પોલ સાથે ભટકાઈ, વીજપુરવઠો ખોરવાયો

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો ટ્રાફીકના નિયમનો ઉલાળીયો કરી બેફામ ગતિએ વાહન હંકારતા હોવાથી સતત અકસ્માતની ઘટનાઓ સર્જાઈ રહી છે. ત્યારે મોડાસા-રાણાસૈયદ બાયપાસ પર ભેરુંડા ચોકડી પર વિચિત્ર અકસ્માતની ઘટના બની હતી આઈ-૨૦ કાર ડિવાઈડર સાથે ભટકાયા બાદ ફૂટબોલની જેમ હવામાં ફંગોળાઈ નેત્રમ કેમેરાના વીજપોલ સાથે અથડાઈ નીચે પટકાઈ હતી.

સદનસીબે કાર ચાલકનો આબાદ બચાવ થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. વીચીત્ર અકસ્માતની ઘટનાના પગલે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી કાર પોલ સાથે અથડાતા સમગ્ર વિસ્તારમાં એક કલાક સુધી વીજપુરવઠો ખોરવાયો હતો.

મોડાસા બાયપાસ રોડ પર ભેરુંડા ચોકડી પર બુધવારે સવારે પુરપાટ ઝડપે પસાર થતી આઈ-૨૦ કાર ડિવાઈડર સાથે અથડાયા બાદ હવામાં ફંગોળાઈ નજીકમાં રહેલા નેત્રમનાં વીજપોલ સાથે ધડાકાભેર અથડાઈ નીચે પટકાતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત કાર ચાલકને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી દીધો હતો. નેત્રમ કેમેરાના ભારીભરખમ પોલને નુકશાન પહોંચ્યું હતું. વીચીત્ર અકસ્માતની ઘટનાના પગલે વીજપુરવઠો ખોરવાતા યુજીવીસીએલના કર્મચારીઓ દોડી આવી જરૂરી સમારકામ હાથધરી વીજપુરવઠો પુર્વરત કરાયો હતો.

ખેડબ્રહ્મા પૂનમના દર્શન કરવા શ્રદ્ધાળુઓનાં ઘોડાપુર ઉમટ્યા

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા ખાતે બુધવારના રોજ યાત્રાળુ માં આંબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ખેડવાળી મા અંબા પ્રત્યે અસિમ શ્રદ્ધા ધરાવતા નાના-મોટા સૌ શ્રદ્ધાળુ ભક્તિભાવથી મા અંબાના દર્શન કરી મેળો માણવા ખેડબ્રહ્મા આવતા હોય છે. માતાજીના અને અન્નકૂટના દર્શન કરી શ્રીફળ, કંકુ, ચુંદડી, પ્રસાદ ચડાવી ધન્યતા અનુભવતા હતા.

ખેડબ્રહ્મા પીએસઆઈ દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

પ્રાંતિજ ખાતે રબારી સમાજ દ્વારા ધર્મગુરૂ બળદેવજીગીરી મહારાજને શ્રધ્ધાંજલી અપાઈ

નગરપાલિકાના પ્રમુખ સમાજના આગેવાનો ભુવાજીઓ તથા સમાજના ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યા

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા રબારી સમાજ દ્વારા રબારી સમાજના ધર્મગુરૂ બળદેવજીગીરીને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના તરભવાળીનાથ ધામના મહંત અને રબારી સમાજના ધર્મગુરૂ પૂજય બળદેવજીગીરી મહારાજ તારીખ ૨૪મી ડીસેમ્બરના રોજ બ્રહ્મલીન થતાં રબારી સમાજ શોકમાં ગરકાવ થયો હતો અને પ્રાંતિજ ખાતે રહેતા રબારી સમાજ દ્વારા ધર્મગુરૂ બળદેવજીગીરી મહારાજને શ્રધ્ધાંજલી આપવા કાર્યક્રમનું આયોજન પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ખાતે કરવામાં આવ્યું હતું જેમાં રબારી સમાજના આગેવાનો, સમાજના ભુવાજીઓ જેમાં બાદરજી મુવાડાના ભુવાજી મુકેશભાઈ રબારી તેમજ બોભા ગામના માઈભકત ભુવાજી નાગજીભાઈ તથા પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા, નગરપાલિકાના ઉપપ્રમુખ જગદીશભાઈ કિમતાણી, નગરપાલિકાના વોર્ડ નંબર-૬ના કોર્પોરેટરો અરવિંદભાઈ પરમાર, મહેબુબભાઈ બલોચ સહિત લલ્લુભાઈ રબારી, મહેશભાઈ રાઠોડ સહિત રબારી સમાજના તલોદ નાયબ મામલતદાર ધમેન્દ્રભાઈ, નાગજીભાઈ સહિત સમાજના આગેવાનો ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌ કોઈએ ફુલહાર પહેરાવીને શ્રધ્ધાંજલી અર્પી મૌન પાડી પોતાની જગ્યાએ મીણબત્તી દ્વારા શ્રધ્ધાંજલી અર્પી હતી. સમાજના આગેવાનો ભુવાજીઓ દ્વારા ગાયમાતાને ઘાસ પણ ખવડાવવામાં આવ્યું હતું. બાળકો માટે બુંદીનો પ્રસાદ અને ચકલા માટે ચણની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહેશભાઈ પટેલ બાકલપુરવાળા દ્વારા કરવામાં આવ્યું હતું.

ધાનેરા નગરપાલિકામાં "પાડાના વાંકે પખાલીને ડામ" જેવી સ્થિતિ જોવા મળી રહી છે

લોકમુખે જાણવા મળે છે કે ૨૦૧૮માં ધાનેરા નગરપાલિકા માં ગેરરીતિ બાબતે મ્યુનિસિપલ કમિશનર ગાંધીનગર ની વિપક્ષ દ્વારા રજૂઆત કરેલ જે સંદર્ભે ગાંધીનગર નગરપાલિકા કમિશનર દ્વારા તપાસ કરી કલમ ૩૭ હેઠળ ૧૭ સભ્યોને સસ્પેન્ડ કરવાના હુકમ મળતા ધાનેરામાં ખળભળાટ મચી ગયો છે.

ધાનેરા નગરપાલિકા માં સ્વ ભન્ડોળ માંથી તેમજ વિવિધ ગ્રાન્ટમાંથી કરોડો રૂપિયા મંજુર કરેલ કામમાં ગેરરીતિઓ અને અનિયમિતતા આચરીને મોટા આંકડા માં ભ્રષ્ટાચાર આચારેલ છે તેવું જાણવા મળેલ છે હકીકતમાં હાલ શાસન પક્ષ માં કોંગ્રેસના ૧૭ સભ્યોમાં એક સભ્યનું મૃત્યુ પણ થયેલ છે આગળની ટ્રમમાં મોટા માથા ગણાતા કોંગ્રેસ પક્ષના નગરપાલિકા પૂર્વ પ્રમુખ શ્રી ની રાહબરી હેઠળ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થતા હાલના ૧૭ સભ્યો નો મરો થયો છે .અમુક સભ્યો દ્વારા જાણવા મળે છે કે અમોને કોઈ બાબતનો ખ્યાલ નથી અને અમોને અંધારામાં રાખી આવા કાર્યો કરેલ જેથી ગુના વગર અમોને સસ્પેન્ડ કરી અમારી ઇજ્જતના ધજાગરા ઉડી ગયા છે ખરેખર જે તે સમયના નગરપાલિકાના જવાબદાર વ્યક્તિ પર કાર્યવાહી થવી જોઈતી હતી પરંતુ કહેવાય છે કે" પાડાના વાંકે પખાલીને ડામ " જેવી સ્થિતિ અન્ય સભ્યોની જોવા મળી રહી છે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે ધાનેરા લોકમુખે જાણવા મળે છે કે જે તે સમયે ભ્રષ્ટાચાર માં સામેલ હતા તેવા વ્યક્તિ પર સરકારે ધ્યાનમાં લઈ કાર્યવાહી કરવી જોઈએ જેથી બાકીના સભ્યો ને નુકસાન ન થાય હવે કોંગ્રેસ પક્ષના જિલ્લા અને રાજ્યકક્ષાના રાજકીય નેતાઓને પક્ષ ને ભવિષ્યમાં ફટકો ન પડે તે ધ્યાનમાં લઈ ભ્રષ્ટાચાર કરેલ પક્ષના વ્યક્તિ ઉપર રાજકીય કાર્યવાહી પણ થવી જોઈએ જેથી આવનારી ચૂંટણીમાં પક્ષ ને આ મુદ્દા ઉપર હાર ન મળે તેને ધ્યાનમાં રાખી કાર્યવાહી કરવી જોઈએ તેવું લોકોનું મંતવ્ય છે અને બાકીના સભ્યો નો બચાવ થાય તેવી લોકોની માંગ છે.

ગણપત યુનિવર્સિટીની શીર્ષસ્થ શૈક્ષણિક ટીમ બનાસડેરીની મુલાકાતે

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં એશિયાની સૌથી મોટી બનાસ ડેરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "આત્મનિર્ભર ભારત" સ્વપ્નને સાર્થક કરી રહી છે. બનાસ ડેરીએ દૂધના વ્યવસાયની સાથે ગોબરગેસ પ્રોજેક્ટ, મધ પ્રોજેક્ટ, ટેક હોમ રાશન પ્રોજેક્ટ અને તેલીબિયાં પ્રોજેક્ટ જેવા અનેક વ્યવસાય શરૂ કરીને પશુપાલકોની આવક વધારવામાં મહત્વનું યોગદાન આપી રહી છે. ત્યારે શૈક્ષણિક ક્ષેત્રે દેશ-વિદેશમાં નામના ધરાવતી ગણપત યુનિવર્સિટી, ખેરવા મહેસાણાની ઉચ્ચસ્તરીય શૈક્ષણિક ટીમે આજે બનાસડેરીના વિવિધ પ્લાન્ટ્સ અને દામા ખાતેના ગોબરગેસ પ્રોજેક્ટની મુલાકાત લઈને ગણપત યુનિવર્સિટીમાં પણ ગોબરગેસ પ્રોજેક્ટ સ્થાપવા અંગે જરૂરી માહિતી મેળવી હતી.

ગણપતિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ ડૉ. એમ.એસ. શર્માના નેતૃત્વમાં પ્રો. વા.ચાન્સેલર ડૉ. અમિત પટેલ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ડાયરેક્ટર સોમાભાઈ રાયકા, ડૉ. રાજન પુરોહિત, ડૉ. સત્યેન પરીખ, ડૉ. નરેશ જેઠવાણી, ડૉ. અજય ગુપ્તા, ડૉ. સૌરભ દવે, ડૉ. હિરેન પટેલ, ડૉ. એસ.એમ.સોની, પ્રદીપ પટેલ, ડૉ. રમેશ પટેલ અને અશ્વિનભાઈ પટેલની ટીમે આજે બનાસ ડેરીની મુલાકાત લીધી હતી.

વડાપ્રધાનના આત્મનિર્ભર ભારત સ્વપ્નને સાકાર કરીને પશુપાલકોની આવક વધારવાના બનાસડેરીના પ્રયાસોની સરાહના કરતાં વાઈસ ચાન્સેલર ડૉ. એમ.એસ. શર્માએ જણાવ્યું કે ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસડેરી ખરા અર્થમાં પશુપાલકો માટે આશીર્વાદરૂપ બની રહી છે. કે.વી.કે.ના ડાયરેક્ટર સોમાભાઈ રાયકા જણાવ્યું કે બનાસ ડેરીની વિકાસ યાત્રાનો અન્ય દૂધ સંઘોએ પણ દાખલો લઈને સહકારી ક્ષેત્રે બનાસ ડેરીની જેમ નમૂનારૂપ કામ કરવું જોઈએ.

બનાસ ડેરીના ઈ.એમડી સંગ્રામભાઈએ સૌનું સ્વાગત કરીને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ સાધેલા વિકાસની બાબતોથી અવગત કર્યા હતા.

ધનસુરા મહીલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા ધનસુરાના જનતાનગરમાં ગરીબ વૃદ્ધ વિધવા મહિલાઓને ગરમ ધાબળા વિતરણ કરી શિયાળાની કડકડતી ઠંડીમાં રાહત આપવાનો પ્રયત્ન કર્યો હતો, જેમાં ધનસુરા મહીલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ બ્રહ્મભટ્ટ મેડમ તથા દીપ્તિ મેડમ તથા પ્રોફેસર મનહરભાઈ દેસાઈ તથા કોલેજના સ્ટાફ તથા પટાવાળા વગેરે આ કાર્યક્રમને સફળ બનાવવા સારી એવી જહેમત કરી હતી અને ગરીબ વૃદ્ધ વિધવા મહિલાઓને શિયાળામાં રક્ષણ આપવાનો પ્રયત્ન કરેલ હતો અને સમાજમાં તથા ગામમાં ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું અને લોકોએ આ કાર્યને બિરદાવ્યું હતું.

ધાનેરામાં વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા સહિત કેટલાક વિસ્તારમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વાતાવરણ વાદળછાયુ બન્યું હતું બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પણ વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને આકાશ વાદળોથી ઘેરાયેલું જોવા મળ્યું હતું અને તે બાદ સામાન્ય વરસાદના છાંટા પણ પડયા હતા વાતાવરણમાં પલટો આવતા અને વાતાવરણ વાદળછાયુ બનતાં ખેડૂતોના જીવ પણ તાળવે ચોંટયા હતા.

અન્ડર પાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલ મોટાભાગનો ટ્રાફિક સે-૧૬ ના સર્વિસ માર્ગ પરથી ગ માર્ગ પર થઈને આગળ વધે છે. જયારે ઘ-૩ થી ઘ સાડા ચાર વચ્ચેની અવરજવર બંધ છે. મુખ્યમાર્ગ બંધ હોવાના લીધે વાહનચાલકોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. ત્યારે ટુંકમાં જ નગરના મુખ્યમાર્ગ પર ઘ માર્ગ તૈયાર થઈ જશે તેમ પણ તંત્રના અધિકારીઓએ જણાંવ્યુ છે. આગામી તા ૩૧ જાન્યુઆરી સુધીમાં અન્ડર પાસનુ કામ પુર્ણ થઈ જશે જયારે ફેબ્રુઆરી મહીનાથી ઘ માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ પણ જોવા મળશે. નાગરિકોને ટ્રાફિક ડાયવર્ઝનમાંથી મુક્તિ મળવાની સાથે વિશિષ્ટ પેટર્ન પર તૈયાર કરાયેલા અન્ડર પાસનો પણ લાભ મળશે.

ભિલોડામાં ફોરેસ્ટ કર્મીઓ પર હુમલો કરી પથ્થર ભરેલ

ટ્રેકટર ઝુંટવી લેનાર ટ્રેકટરચાલક સહીત ટોળા સામે ગુન્હો નોંધાતા ભૂગર્ભમાં ઉતરી ગયા

ભિલોડા તાલુકાના વાઘેશ્વરીના જંગલોમાંથી ગેરકાયદેસર રીતે પથ્થરો ઉલેચી ભૂમાફિયાઓ જંગલને નુકશાન પહોંચાડી ખીસ્સા ભરી રહ્યા હોવાની બૂમો ઉઠતા વાઘેશ્વરીના જંગલમાંથી ગેરકાયદેસર પથ્થર ભરી ઈન્દ્રપુરા રોડ પરથી પસાર થતા ટ્રેકટરને ફોરેસ્ટ કર્મચારીઓએ અટકાવતા અને ડિટેઈન કરવાની કામગીરી હાથ ધરાતા ટ્રેકટર ચાલક અને તેના મળતીયાઓ ટ્રેકટર મૂકી ફરાર થઈ ગયા હતા. થોડીવારમાં ટ્રેકટર ચાલક નીતિન હીરા ખરાડી અને તેના સાગરીતો રીક્ષા અને બાઈક પર હથિયારો સાથે પરત ફરી ફોરેસ્ટર અને ડ્રાઈવર પર પ્રાણઘાતક હુમલો કરી ગડદાપાટુ અને પાઈપ વડે માર મારી જપ્ત કરેલ ટ્રેકટર લઈ ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી. ટોળાના હુમલાના પગલે ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્ત બંને કર્મચારીઓને સારવાર અર્થે ખસેડી દીધા હતા. ટોળાના હુમલાનો ભોગ બનેલ ફોરેસ્ટ કર્મીએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં પ ભૂમાફિયાઓ સામે નામજોગ અને અન્ય ટોળા સામે ગુન્હો નોંધાવતા ભિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા વનવિભાગમાં ફરજ બજાવતા ફોરેસ્ટર ભવદીપસિંહ રાઠોડ અને આઉટ સોર્સીંગ ડ્રાઈવર પ્રદીપસિંહ મેહપતસિંહ જાડેજા પર ખૂની હુમલો કરી ગેરકાયદેસર જંગલમાં ખનન કરી પથ્થર ભરેલા ટ્રેકટરને ઝુંટવી લેવાની ગંભીર ઘટનાના પગલે નિતીન હીરા ખરાડી, વનરાજ હીરા ખરાડી, નરેન્દ્ર હીરા ખરાડી, હીરા મંગળાભાઈ ખરાડી, અરવિંદ મેણાંતનો છોકરો અને અન્ય પ થી ૬ અજાણ્યા શખ્સો (તમામ રહે, ઈન્દ્રપુરા, તા.ભિલોડા) વિરુદ્ધ ભિલોડા ફોરેસ્ટ કર્મચારી ભવદીપસિંહ રાઠોડે ફરિયાદ નોંધાવતા ભિલોડા પોલીસે તમામ શખ્સો સામે રાયોટીંગ સહીત સંખ્યાબંધ ગુન્હા નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા ગુન્હો નોંધાતા જ ભૂમાફિયાઓ અને તેના સાગરીતો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા.